## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ગામે ગામ પૂરનો ઉત્સવ ઉજવી નાખો!*
*- ને બચાવ કાર્યની ભવાઈ ભજવી નાખો!*
*'દીધો દીનોને અમે હેલીકોપ્ટરનો લાભ -'*
*આફતમાં ય વિકાસની બાંગ ગજવી નાખો!*
*(આફતને ઉત્સવ બનાવીએ...)*

**હાઈકુ**

*શૌચ જાવું છે?*
*રાહુલને પૂછવું છે?*
*- લોકશાહીમાં...!!*
*(કોંગીમાં સરમુખત્યારી નથી)*

*તમ કારણે -*
*છલકાયા બધા ડેમ -*
*કરો પૂજન...*
*(...ને લોકાર્પણ)*

### ચિંતન

**પ્રાણસ્ય ક્ષુત્પિપાસે દ્વે મનસઃ શોક મોહ કૌ ।**
**જરામૃત્યુ શરીરસ્ય ષડ્ભિરહિત શિવઃ ॥**

**ભૂખ તરસ પ્રાણના વિકાર છે, શોકમોહ મનના વિકાર છે, ઘડપણ-મરણ શરીરના વિકાર છે; શિવરૂપ આત્મા એ છયે વિકારોથી પર છે, માત્ર સાક્ષી છે. બાકી આમાનું કોઈ તારું સાથી નથી, તેથી તો કહ્યું છે કે તું અસંગ છો, ક્રિયાશૂન્ય છો. કર્મોના બંધનથી છુટીએ તો મુક્તિ મળે, એમ માનીએ તો મળી રહી મુક્તિ! મુક્તિ તો છે જ. મુક્તિ મેળવવાના પ્રયત્નો જ બંધન બની રહે છે. ઊંઘવાના પ્રયત્નો જ ઊંઘ આવવા દેતા નથી. કંઈ જ પ્રયત્ન વિના માત્ર શિથિલ થઈને પડ્યા રહીએ તો તરત ઊંગ આવી જાય.**

**જે કંઈ કર્મ-કર્તવ્ય-ફરજ પછી તે ઘર-સમાજની હોય કે ધંધા-નોકરીમાંની હોય તે નિર્લેપ રહી, ઈશ્વરનું કાર્ય સમજીને નિષ્ઠાપૂર્વક, તટસ્થભાવે કરવું જોઈએ.**

**(લેખક લાભશંકર ઠાકરની વાર્તા 'કુદરતી' મનનપૂર્વક વાંચવા વિનંતી છે.)**

### સુવિચાર

- જ્ઞાન હાજર તો દુનિયા ગેરહાજર, જ્ઞાન ગેરહાજર તો દુનિયા હાજર - **જ્ઞાનસૂત્ર**
- મન એ તો 'લેબોરેટરી' છે, એમાં કશું મૂકો ને વિચારણા કરો તો તે તારણ કાઢી આપે. મન બધા પર્યાય દેખાડે - **એસ. ભટ્ટાચાર્ય**
- બુદ્ધિ એટલે 'વ્યુ પોઈન્ટ', સંસારમાં ચારો ચરાવનાર ને માર ખવડાવનાર - **મકરંદ દવે**
- દુનિયાને કોઈ બચાવતું હોય તો તે નીતિને રસ્તે ચાલનારા થોડાક નિઃસ્વાર્થી માણસો જ બચાવે છે - **મોરારિ બાપુ**
- કુદરતમાં ઈનામ નથી અને સજા પણ નથી, છે માત્ર કર્મનું ફળ - **સંત રોબિન**
- અવિશ્વાસ જેવું એકલવાયું બીજું કોઈ એકાંત નથી - **જયોર્જ ઈલિયટ**
- આજનું ઔષધ : સૂંઠ, ખડી સાકર અને આમળાનું ચૂર્ણ સરખે ભાગે લેવાથી એસીડીટીમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ઈમામ સાહેબ સાચા સંત. એક વાર કરાંચીથી વહાણમાં બેસીને જોર્ડન જઈ રહ્યાં હતા. એક લુચ્ચો વેપારી પણ તેમની સાથે હતો. વાતવાતમાં એણે ભોળા ઈમામ સાહેબ પાસે એક બજાર રૂપિયા અને દસ સોનાની અશર્ફી છે તેવી વાત જાણી લીધી. મદધરિયે વહાણ પહોંચ્યું ત્યારે વેપારી જોરજોરથી રોવા લાગ્યો. અને વહાણના કપ્તાનને ફરિયાદ કરી. 'મારી પાસે હજાર રૂપિયા તથા દસ સોનાની અશર્ફી હતી, જે કોઈકે ચોરી લીધી છે.' કપ્તાને પોતાની હાજરીમાં સૌના સામાન ખોલાવ્યા. પણ કોઈના સામાનમાં હજાર રૂપિયાની પોટલી કે દસ અશર્ફી ન મળી. છેવટે કપ્તાને સૌને એક-એક કરીને બોલાવી અંગત તલાશી લીધી છતાં કંઈ મળ્યું નહીં. બીજે દિવસે ઈમામ સાહેબ આરામ કરી ઉઠ્યા ત્યારે વેપારી એમની પાસે ગયો અને પૂછ્યું, 'આપે હજાર રૂપિયા અને દસ અશર્ફીની પોટલી મને બતાવી હતી. તો કયાંક તલાશીમાં એ મળી કેમ નહીં?' 'ઈમાન સાહેબે હસતા હસતા કહ્યું.' ભાઈ એ કિંમતી પોટલી મેં એટલા માટે દરિયામાં ફેંકી દીધી કે જો મારી તલાશીમાં મારી એ પોટલી મળી આવત તો સૌ શંકા જાત કે તમારા હજાર રૂપિયા ને અશર્ફિ મેં તફડાવી લીધી છે. જો કે આ મુસાફરો તથા કપ્તાન સૌને મારી ઈમાનદારી અને સચ્ચાઈમાં અનન્ય શ્રદ્ધા છે કે એ પોટલી મારી છે તો તેઓ ના માનત એવું પણ નહોતું, પણ છતાંય કયાંક છતાં તો રહી જ જાત, મને હજાર રૂપિયા અને દર અશર્ફી ફેંકી દેવાનું જરાય દુઃખ નથી, જેટલો એ પોટલી મારી પાસેથી નહિ મળતા સૌને મારા પરના વિશ્વાસનું મૂલ્ય થયું એનો મને આનંદ છે. વેપારીએ સાચા સંતના પગમાં પડી માફી માંગી. અને ઈમાન સાહેબ તેને દિલથી ક્ષમા આપી.

# ઉત્તર ગુજરાતમાં આકાશી આફત

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તર ગુજરાતના માથે શબ્દના સાચા અર્થમાં આભ ફાટ્યું છે અને સવિશે, બનાસકાંઠાની તો જાણે સાડા સાતી જ બેસી ગઈ છે. ભારે વરસાદ એ ગુજરાત માટે દૂર બેઠાં બેઠાં માણવાનું વાનું રહ્યું છે. પરંતુ આ વર્ષે ભારે વરસાદ અને અતિભારે વરસાદ પાટનગર ગાંધીનગર અને મહાનગર અમદાવાદથી લઈ જયાં સામાન્ય સંજોગોમાં બહુ જ ઓછો વરસાદ વરસતો રહ્યો છે એવા ઉત્તર ગુજરાત માટે શિરવેદના સરજી રહ્યો છે. રાજસ્થાન તો 'મરુ ભૂમિ' ગણાય છે. આવા સૂકા ભંઠ રણને દરિયામાં ફેરવી શકે એનું જ નામ કુદરત. જો માપસરનો, ખેતીપાણીને અનુકૂળ વરસાદ પડે તો આપણે એને કુદરતની કૃપા કહેતા આવ્યા છીએ આવી કૃપા મેળવવા આપણા પૂર્વજો પર્જન્ય યજ્ઞો કરતાં, જે પરંપરા આજે પણ કયાંક કયાંક દેખા દે છે. પરંતુ જયારે એ જ કુદરત રૂઠે ત્યારે કાં તો છપ્પનીયો દુકાળ પડે કાં પછી આજકાલ જેવી અતિવૃષ્ટિ અને એને લીધે સરજાતી તારાજી જોવા મળે. એને આપણે કુદરતનો કોપ કહીએ છીએ. કૃપા અને કોપ, મહેર અને કહેર વચ્ચે માણસ મોં વકાસીને બેસી રહે છે કારણ કે એણે ભલે ચંદ્ર અને મંગળ પર અભિયાન આદરી જાણ્યા હોય અને અંતરીક્ષમાં અસંખ્ય ઉપગ્રહો તરતા મૂકી દીધાં હોય પણ આ વેંત છેટાં વાદળોને એ નથી પોતાની અનુકૂળતા મુજબ વરસાવી સકતો કે નથી એમને વરસતાં અટકાવી શકતો. ખરી જરૂર તો આવાં લોકોપયોગી સંશોધનોની છે, એને બદલે આપણે વિકસિત દેશો સાથે અંતરીક્ષ સર કરવાની હરિફાઈ માંડી છે! કોરાધાકોર રહેવા ટેવાયેલા બનાસકાંઠા પર આભ ફાટ્યું અને કોઈને અણસાર સરખો આવે તે પહેલાં ગામોમાં ગામો પાણી હેઠળ ગરકાવ થઈ ગયાં અથવા બેટ બની ગયાં, એ પરિસ્થિતિનો તાગ નથી તો આપણું આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોની સજ્જ તંત્ર મેળવી શક્યું કે નહોતી કોઈ જોશ જોનારા કાગવાસીએ એવી આગાહી કરી. આકાશમાંથી વરસાદ નહીં, મોત વરસતું હોય એવો માહોલ સરજાતાં તંત્ર પણ ઊંઘતું ઝડપાઈ ગયું કારણ કે એને તો ત્યાં માળિયા, મોરબી અને ચોટીલા-રાજકોટની દુર્દશા સામે ઝીંક ઝીલવા સાબદું કરાયું હતું - જયારે ઉત્તર ગુજરાત પર આફતના ઓળા ઊતરી આવે - સેંકડો લોકો અને હજારો પશુઓ પાણી હેઠળ ગરકાવ થઈ જાય, ત્યારે સ્વાભાવિક છે કે બાકીની બધી જ પ્રાયોરિટીઝ કોરાણે મૂકી વડાપ્રધાનને પણ એમનું પુષ્પક વિમાન પલાણી પોતાની અયોધ્યાની વહારે ધાવું પડે. રાષ્ટ્રપતિની શપથવિધિની ઔપચારિકતા પૂરી કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાબડતોબ ગુજરાતની વણસી રહેલી હાલત નજરે નિહાળવા દોડી આવ્યા અને વગર માગ્યે રૂા. ૫૦૦ કરોડ જેવી માતબર રકમ ફાળવતા ગયા. અલબત્ત, જે નુકશાન થયું છે એની તો કોઈ પણ રકમ ભરપાઈ ન કરી શકે, પરંતુ વડાપ્રધાન ગુજરાતના છે, એટલે આટલી તાકીદે આ પ્રકારની મદદ મળી શકી છે, એ પણ કબૂલવું પડે. બનાસકાંઠા ઉપરાંત સાબરકાંઠા - અરવલ્લીની હાલત પણ દર્દનાક છે. માઉન્ટ આબુ પર આભલું દરિયો બનીને ખાબક્યું જેને લીધે દૂર દૂર સુધી તબાહી મચી છે. વીજળી વેરણ બની છે, પીવાના પાણીનાં ફાંફાં પડી રહ્યાં છે, પાંચ નેશનલ હાઈવે અને એકસો પાંત્રીસ સ્ટેટ હાઈવે ઉપરાંત ઘણી જગ્યાએ રેલવે ટ્રેક ધોવાઈ ગયા છે. આવી હાલતમાં કોઈ પણ તંત્ર કસોટીની એરણે જ ચડે. જે પ્રકારની જાનહાનિ નોંધાઈ છે તે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયના કપાળે કાળી ટીલી સમાન છે. એ મૃતકોને મોત વળતર આપી દેવાથી આપણે અપરાધબોધ મટી શકે ખરો? સૂકી ભંઠ નદીઓ સામાન્ય દિવસોમાં કેવી દયામણી લાગતી હોય છે! એ જ નદીઓ જયારે ભારે વરસાદને લીધે ચંડિકા સ્વરુપ ધારણ કરે છે ત્યારે મોતની સોદાગર બની જતી હોય છે. શું આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી આવી અણધારી આફતો સામે કોઈ કાયમી રક્ષાકવચ ઊભું કરી શકશે? આપણા દરેકના મનમાં આ પ્રશ્ન તો ઘૂમરાતો જ રહેવાનો.

# ચારુ વાણીનું દર્શન



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભારતીય પરંપરામાં ભૌતિકવાદી વિચારધારા, ચાર્વાક અથવા લોકાયતિક દર્શન સાચવીને બેઠું છે. વાણીની ચારુતાનું આ દરશન છે. લોકમાંથી પ્રાપ્ત થતા આનંદનું આમાં મહત્ત્વ છે. ચાર્વાક અથવા લોકાયત અથવા બૃહસ્પતિ (ઈ.પૂ. ત્રીજી સદી) આના પ્રણેતા છે. આ સંપ્રદાયની પ્રાચીન વિગતો મહભારત (શલ્યપર્વ અને શાન્તિપર્વ), મનુ સ્મૃતિ અને વિષ્ણુપુરાણમાંથી મળે છે. આ દર્શન અવૈદિક - નાસ્તિક છે. આ દર્શનના કેટલાક વિચારો આ પ્રમાણે છે :

(૧) દેહ મૃત્યુ સમયે પંચ મહાભૂતોમાં વિલીન થશે - એમ ન કહેવાતા મહાભૂતો ચાર જ છે - પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ.

(૨) આકાશનું અસ્તિત્વ જ નથી. કારણ કે એ પ્રત્યક્ષથી ગ્રહણ થતું નથી. નરી આંખે દેખાતું નથી.

(૩) પ્રત્યક્ષ એ જ પ્રમાણ છે. જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે, આંખ કાન વગરેથી ગ્રહણ, થાય એ જ સાચું, બીજા કોઈ પ્રમાણોનું માનવાની જરૂર નથી.

(૪) મહાભૂત ચાર છે. એ ચારનો સંયોગ થાય એટલે દેહ બને. એ વખતે એમાં ચેતનાનો સંચાર થાય. એ જ આત્મા છે; જે રીતે પાન, ચૂન, કાથો અને સોપારી મળવાથી લાલાશ પ્રગટે.

(૫) મૃત્યુ સમયે દેહ ભસ્મ થઈ જાય, એની સાથે જ આત્મા રહેતો નથી. પછી કશું રહેતું નથી.

(૬) એનો અર્થ એ થયો કે પછી પુનર્જન્મ થતો જ નથી.

(૭) એનો અર્થ એ થયો કે પછી પુનર્જન્મ થતો જ નથી.

(૭) પુનર્જન્મ નથી; એટલે કર્મોને એની સાથે સાંકળવાની જરૂર નથી.

(૮) જે કાંઈ છે તે આ લોક જ છે. પરલોક જેવું કશું છે જ નહિ, એટલે કર્મોને એની સાથે સાંકળવાની જરૂર નથી.

(૯) દેહ ભસ્મભૂત થઈ જાય પછી નથી પુનર્જન્મ કે નથી પરલોક. અર્થાત્ જયાં સુધી જીવવાનું છે, ત્યાં સુધી આનંદથી જીવો. ભૌતિક સુખો, ભોગવો. એ માટે સંપત્તિ એકઠી કરો. માનવજીવનનાં બે લક્ષ્ય છે - સુખ અને સંપત્તિ.

(૧૦) આ બંનેમાં પણ સુખને વધુ મહત્ત્વ છે; આંખ, કાન, જીભ વગેરે ઈન્દ્રિયોથી મળતા આનંદને મહત્ત્વ છે. સંપત્તિ ન હોય તો દેવું કરવામાં પણ કશો વાંધો નથી.

(૧૧) વૈદિક મંત્રો અને ક્રિયાકાંડો અર્થ વગરના છે.

(૧૨) યજ્ઞોથી જ સ્વર્ગ મળતું હોય, તો યજમાન પોતાના પિતાને કેમ હોમી દેતો નથી?

(૧૩) મકાનને નીચે મજલે મૂકેલું અન્ન એની મેળે ઉપલે માળે પહોંચી જતું નથી. શ્રાદ્ધ કર્મ સમયે આપેલું અન્ન પરલોકમાં પિતૃઓને કઈ રીતે પહોંચે?

પહેલી નજરે આ વાણીમાં ચારુતા લાગે; પરંતુ આના બધા વિચારો સ્વીકાર્ય નથી.

(૧) કર્મોને પુનર્જન્મ અથવા પરલોક સાથે તો સાંકળવા પડે. તો મનુષ્ય સત્કર્મ કરવા પ્રેરાય અને દુષ્કર્મોમાંથી દૂર રહે.

(૨) સુખ ભોગવવા દેવું કરવાની સલાહ કોઈને આપી ન શકાય.

(૩) વૈદિક મંત્રોનાં આચરણ ઉપર તો ભારતીય સંસ્કૃતિની ઈમારત ઊભી છે.

(૪) યજ્ઞયાગની સાર્થકતા અને ઉપયોગીતા અનેક રીતે છે. જેમ કે, પર્યાવરણની શુદ્ધિ.

(૫) શ્રાદ્ધકર્મ તો દેવતુલ્ય પિતૃઓનાં સ્મરણ અને તર્પણનું માધ્યમ છે, સાધન છે.

(૬) ભૌતિક સુખોને આટલી હદે મહત્ત્વ ન અપાય.

# 'બંધુતા, સમાનતા અને સ્વતંત્રતા' નો નારો કોણ આપ્યો હતો ?



**ખજાનો**
અનિલ પટેલ

### વિશ્વનો ઈતિહાસ

(૧) માઈકલ એન્જલો કયા દેશનો ચિત્રકાર હતો ?
(અ) ઈટલી (બ) ફ્રાન્સ
(ક) જર્મની (ડ) સ્વિત્ઝર્લેન્ડ

(૨) વિશ્વમાં ધર્મ સુધારણા આંદોલનની શરુઆત કયા દેશમાંથી થઈ હતી?
(અ) ભારત (બ) ઈંગ્લેન્ડ
(ક) ચીન (ડ) સાઉથ આફ્રિકા

(૩) 'બંધુતા, સમાનતા અને સ્વતંત્રતા' નો નારો કોણ આપ્યો હતો ?
(અ) મોન્તેસ્કે (બ) વેલ્તેર
(ક) રૂસોએ (ડ) નેપોલિયને

(૪) 'લિટર કોર્પોરલ' તરીકે કોણ ઓલખાય છે?
(અ) નેપોલીયન (બ) હીટલર
(ક) બિસ્માર્ક (ડ) બિસ્માર્ક

(૫) ઈટલીના એકીરણમાં મોટો અવરોધ રૂપ કોણ હતું ?
(અ) બેલ્જિયમ (બ) લક્ઝમ્બર
(ક) ફ્રાન્સ (ડ) ઓસ્ટ્રિયા

(૬) કોણ જર્મનીના એકીરણના પિતા કહેવાય છે?
(અ) રોબર્ટ ઓવન (બ) કાર્લ માર્કસ
(ક) બિસ્માર્ક (ડ) જોસેફ મેઝિની

(૭) ઝાર નિકોલસ દ્વિતિય કયા દેશનો અંતિમ ઝાર રાજવી હતો ?
(અ) ઈટલી (બ) ફ્રાન્સ
(ક) પોર્ટુગલ (ડ) રશિયા

(૮) પ્રથમ વિશ્વયુદ્ધ વખતે લેનિનનું સૂત્ર શું હતું ?
(અ) 'યુદ્ધનો અંત લાવો' (બ) 'વિશ્વ શાંતિ સ્થાપો'
(ક) 'યુદ્ધ એ વિકલ્પ નથી' (ડ) 'યુદ્ધ અને શાંતિ સાથે'

(૯) ઔદ્યોગિક ક્રાંતિની શરુઆત કયા દેશની થઈ હતી?
(અ) સ્કોટલેન્ડ (બ) ઈંગ્લેન્ડ
(ક) ફ્રાન્સ (ડ) જર્મની

(૧૦) કાર્લ માર્ક્સ કયા દેશના વતની હતા ?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) પોર્ટુગલ (ડ) ઈટલી

(૧૧) 'મુસ્તફા કમાલ પાશા' કયા નવા ગણતંત્રના પ્રથમ રાષ્ટ્રપતિ હતા ?
(અ) તુર્કી (બ) બાંગ્લાદેશ
(ક) દ. આફ્રિકા. (ડ) યુગાન્ડા

(૧૨) પ્રથમ વિશ્વયુદ્ધની શરુઆત કયારે થઈ હતી ?
(અ) ૨૮ જૂન, ૧૯૧૪ (બ) ૨૮ જુલાઈ, ૧૯૧૪
(ક) ૧૧ નવેમ્બર, ૧૯૧૮ (ડ) ૨૮ જૂન, ૧૯૧૯

(૧૩) 'મારો સંઘર્ષ' એ કોની આત્મકથા છે?
(અ) સિકંદર (બ) નેપોલિયન
(ક) હિટલર (ડ) મુસોલીન

(૧૪) બીજા વિશ્વયુદ્ધ વખતે અમેરિકાના વડાપ્રધાન પદે કોણ હતું ?
(અ) અબ્રાહ્મ લિંકન (બ) જયોર્જ વોશિંગ્ટન
(ક) ફ્રેંકલીન ડી રૂઝવેલ્ટ (ડ) જયોર્જ બુશ

(૧૫) ઈસ્લામ, ખ્રિસ્તી અને યહૂદી ધર્મનું પવિત્ર સ્થળ કયું છે ?
(અ) કાબા (બ) બેથલહેમ
(ક) મક્કા (ડ) જેરૂસલેમ

### વિવિધા

**વિષય : વિશ્વના મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૮ જુલાઈ ૧૬૯૬ : પીટર ઝંગર :** જર્મનીમાં જન્મેલા કામ અર્થે અમેરિકા ગયા. ન્યૂયોર્ક વિકલી જર્નલ પ્રસિદ્ધ કરવાનું શરુ કર્યું. સત્તાધીશોએ આચરેલા કૃત્યો પ્રસિદ્ધ કરવા બદલ જેલમાં જવું પડ્યું. અખબારી સ્વાતંત્ર્ય માટે લડ્યા.
- **૨૯ જુલાઈ ૧૯૦૪ : જે. આર.ડી. તાતા :** તાતા સમૂહના તેજસ્વી તારક. ભારત-જાપાન વચ્ચે ફ્રાન્સમાં શિક્ષણ થયું. ૧૮ વર્ષની વયે પેઢીમાં જોડાયા. પિતાના મૃત્યુ બાદ ડિરેક્ટર બન્યા. ભારતમાં આંતરરાષ્ટ્રીય વિમાન વ્યવહાર શરુ કર્યો. 'પદ્મ ભૂષણ' અને 'ભારત રત્ન' એવોર્ડ મળ્યા. ૧૯૯૩માં નિધન થયું.
- **૩૦ જુલાઈ ૧૮૬૩ : હેનરી ફોર્ડ :** અમેરિકામાં જન્મ થયો. ૮૦ હોર્સ પાવરથી ચાલતી રેસર ગાડી બનાવનાર. ધૂમ્રપાનના સખત વિરોધી. હજારો અપંગ લોકોને રોજીરોટી આપનારા. ૧૯૪૭માં નિધન થયું.
- **૩૧ જુલાઈ ૧૮૮૦ : મુનશી પ્રેમચંદજી :** હિન્દી ભાષાના સમર્થ નવલકાર તથા માનવતાવાદી સર્જક. ઉત્તર પ્રદેશના લમાહિલા ગામમાં જન્મેલા મુનશી ગ્રેજ્યુએટ થઈ શિક્ષક બન્યા. ૧૫ નવલકથાઓ ૩૦૦ વાર્તાઓ, નાટકો, ચરિત્રો, અનુવાદો જેવું સાહિત્ય સર્જન કર્યું. ૧૯૩૬માં નિધન થયું.
- **૧ ઓગસ્ટ ૧૮૯૯ : શ્રીમતી નહેરુ :** નીડર સત્યાગ્રહી ૧૩ વર્ષની ઉંમરે જવાહરલાલ નહેરુ સાથે લગ્ન થયા. ઘેર બેઠા અભ્યાસ કર્યો. યુ.પી. કૉલેજના પ્રેસિડેન્ટ બન્યા. ૩૭ વર્ષની ઉંમરે ૧૯૩૬માં નિધન થયું.
- **૨ ઓગસ્ટ ૧૮૪૭ :** બ્રિટનના સ્કોટલેન્ડ રાજયમાં જન્મ. શિક્ષણની સર્વોત્તમ ડીગ્રી મેળવી ડોકટર બન્યા. દુનિયાને ટેલીફોનની શોધ કરી ભેટ આપી. ફોટોફોન, ગ્રેફોફોન જેવા યંત્રો શોધનાર, ૧૯૨૨માં નિધન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**નાગાલેન્ડના નવા મુખ્યમંત્રી તરીકે કોને જાહેર કરવામાં આવ્યા છે?**

**જવાબ : ટી.આર. જેલીંગયાંગ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
પંકજ. આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪
(૫) શૈલેષ ઝેડ પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે
જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૬) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**અરવિંદ કેજરીવાલ સામે કયા કેન્દ્રીય મંત્રીએ માનહાનિનો કેસ કરેલ છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) અ (૫) ડ (૬) ક (૭) ડ (૮) અ (૯) બ (૧૦) ડ (૧૧) ડ (૧૨) બ (૧૩) બ (૧૪) ક (૧૫) ડ

# જીવનમાં કોઈને પ્રેમ કરવો એટલે શું?



**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવન હરપળ ખળખળ વહેતું સમયનું ઝરણું છે અને અહીં દરેક સજીવને સહેતુક પૃથ્વી ઉપર જન્મ મળ્યો છે. બધી જ વાતો સમય જાણે છે. સમય એ વાસ્તવમાં જીવનના નાના-મોટા ટુકડાઓ છે. દિવસ-રાત નજર સામેથી જ પસાર થાય છે અને આપણે બધા જન્મદિન ઉજવતા ઉજવતા અવતાર પૂરો કરીએ છીએ. વિસ્તૃત અર્થમાં પ્રત્યેક સૂર્યોદય બાકીની જીંદગીની યાદ આપે છે. આયુષ્યમાંથી દિવસો બાદ થતા જ રહે છે અને માણસ ક્રમશઃ વૃદ્ધાવસ્થા તરફ સરકે છે. છતાં એક માનસિકતા મુજબ દરેકને એવું જ લાગે છે કે હજી ઘણો સમય હાથ પર છે. જીવનમાં શ્વાસ વિશ્વાસ છે એટલે અસ્તિત્વ અને વ્યવહાર સલામત છે. પરંતુ જો પ્રેમનું તત્વ નહીં પ્રાપ્ત થયું હોય તો વ્યક્તિ રઘવાયું જીવન જીવતી રહેશે.

પ્રેમ ઉપર ઘણું બધું લખાયું છે, ઘણી નવલિકા-નવલકથા-સિનેમા-સાહિત્ય-સ્થાપત્યનાં સર્જન થઈ ચૂક્યાં છે. એટલે પ્રેમ શું છે તે લોકો આ બધા ઉપરથી પ્રથમ દૃષ્ટિએ વિચારે કે મહેસૂસ કરે કે જાણે છે. વાસ્તવમાં પ્રેમના પાયા ઉપર તો પૃથ્વી ટકી રહી છે. વિસ્તૃત અર્થ પ્રેમનો આપણે વિજાતીય સ્નેહ અને મિલનના ભાવ તરીકે જ કરતા રહીએ છીએ. સંતાનો પુખ્ત વયનાં થાય કે કુદરતના નિયમ મુજબ જાણ્યે-અજાણ્યે વિજાતીય આકર્ષણ અથવા મોહ પ્રત્યેકને થાય જ છે. આમાં કોઈ અપવાદ હોઈ શકે જ નહીં. શારીરિક મોહ ખેંચાણ માટેનો માર્ગ આંખો અને દૃષ્ટિના માધ્યમથી જ પસાર થાય છે. પરંતુ વેદનાઓ દિલ-દિમાગમાં શરૂ થતી હોય છે. યુવાવસ્થામાં પ્યારની જિજ્ઞાસા અને અપેક્ષા સૌથી મહત્તમ હોય છે. તેનું કારણ એ છે કે જીવન સફરના હમસફરના દરેક નિજી ખ્વાબ અને ખયાલ ઊભરતા રહે છે. હવે ગરબડ એ થાય છે કે પ્રેમ અને વાસનાના ભેદનો કોઈ નક્કર વિચાર પ્રેમ પ્રાગટ્ય વખતે ઉગતો નથી. વાસનાનો અગ્નિ પ્રેમના દિવ્ય પ્રકાશ કરતાં વધુ ઘાતક હોય છે એટલે સ્ત્રી-પુરુષ વિવેકભાન વગેરે ભૂલી જઈને સમીપતા કે સહવાસને સફળતા માની લે છે.

આધુનિક યુગની કમનસીબી એ છે કે મીડિયા અને ઈન્ટરનેટ આધારિત ઉપકરણો દ્વારા વિશ્વ એટલું ખુલ્લું થઈ ગયું છે કે નવી પેઢી માત્ર આકર્ષણ સંલગ્ન બાબતોને ઈન્ટરનેટથી જાણવા, માણવા, અનુભવવા સઘળા પ્રયાસો સતત કરતી રહે છે. એટલે ૨૪ કેરેટના શુદ્ધ સોના જેવો પ્રેમ મેળવવાની કદી ચેતના કે ખ્વાહિશ ઊભી થતી નથી. શરીર ભોગ-વિલાસનું જ મુખ્ય સાધન છે એવું માનીને જીવન આગળ ધપે છે. એટલે ત્યાં સંદનો, વિરહ, હૃદયની લાગણીઓ, ત્યાગ અને અહેસાસોનું વિશ્વ જગતની દોડમાં ડૂબી જ ગયું છે. પ્રેમ કોઈને કરવો એટલે શું? એ ચર્ચા કરીએ ત્યારે પ્રેમની સમજૂતી જ પ્રથમથી ખોટી, ટૂંકી, વાસનાથી ભરચક, વૈભવ મેળવવાની દુન્યવી લાલચ વગેરેથી ફંટાઈ જતી જોવા મળે છે. સાચો પ્રેમ અને ભૂત ભાગ્યે જ જોવા મળે એ કોઈક વિરલાને જ જીવનમાં પ્રાપ્ત થાય. પ્રેમ થઈ પરીણયમાં જોડાઈ સંસારી થઈ જવું એ કંઈ નવી ઘટના નથી. પ્રેમ તો અદ્ભૂત એક લાગણીનું પ્રાગટ્ય હોય છે, જે સ્ત્રી-પુરુષ વચ્ચે હોય, મિત્ર-મિત્ર વચ્ચે હોય, ગુરુ-શિષ્ય વચ્ચે હોય કે કોઈપણ સંબંધમાં હોઈ શકે છે. જીવનમાં જો સાચો પ્રેમ મળે તો જીવન ધન્ય બની જાય છે. કારણ કે તેમાં ફના થઈ જવાની દિલની તૈયારી મૃત્યુ સુધી હોય છે. વિશ્વમાં નાણાંની મહત્તા એટલી બધી છે કે વ્યવહારોમાં રહેલી વફાદારી કે સચ્ચાઈને તે સ્વાહા કરી જાય છે. કજોડાં ઊભાં થવામાં આ સ્વાર્થી દુનિયાનો વ્યાપારિક વ્યવહાર જવાબદાર હોય છે. કજોડાં માત્ર દેખાવથી જ નથી હોતાં, પરંતુ દિલથી મળેલા હોય છે તેઓ કદી થઈ પણ શકતા નથી. પ્રેમ એ દિવ્ય અને ભવ્ય અનુભૂતિ છે, જેમાં માત્ર ન્યોછાવર થવાની ભાવના હરદમ વહેતી હોય છે. પ્રેમનો કોઈ પર્યાય હોતો નથી. એ અર્પણ તથા સમર્પણની ગંગા જેવો એક પવિત્ર ભાવ હોય છે. પ્રેમ કરવો એટલે સૌથી પ્રધાન અગ્રતા જીવનમાં નક્કી કરી આગળ વધવું પછી એ પ્રાપ્ત કરનાર કોઈ પણ વ્યક્તિ હોઈ શકે. જીવનમાં કોઈ પણ વયે પ્રેમ ઉદ્ભવી શકે છે અને જયાં અસત્ય, સ્વાર્થ કે દંભ હોય ત્યાં પ્રેમ ઊગી શકતો જ નથી. ફિલ્મી જગતનો પ્રેમ એ નર્યું નાટક છે એ પણ સમજી લેવું બહુ જ આવશ્યક છે.

સહવાસનો સમય ગમે તેટલો હોય છતાં દિલની વાતો કે સ્પંદનો જાગૃત થઈ જાય તેવું બનતું નથી. વિજાતીય મૈત્રી પાછળ પરસ્પરની આવક, સ્ટેટસ, સંપત્તિ, સ્થળ વગેરેને ધ્યાને લઈ જો એ થાય તો ત્યાં ભવિષ્યમાં લગ્ન સાકાર કદાચ થાય પરંતુ પ્રેમ હરગીઝ નહીં. લાગણીની લિપિ એ ભાષાથી વધુ ઉચ્ચ કક્ષાએ હોય છે. પ્રેમમાં સત્ય તેનો આત્મા હોય છે એટલે અસત્યના સહારે દોસ્તી કરી પછી જીવનસાથી મેળવવા જતાં માત્ર દુનિયાનો ક્રમ ટકી જાય છે અને પ્રેમ જોજનો દૂર રહી જાય છે. જેમ કે ક્લાસિકલ મ્યુઝિક ધીમે ધીમે લુપ્ત થઈ ગયું અને નવી પેઢીને ધમાલિયું જુગુપ્સાપ્રેરક સંગીત પ્યારું લાગે છે કેમ કે તેઓને મૂળ તત્વ વિશે જાણકારી જ નથી એટલે તુલનાત્મક દૃષ્ટિ જ નથી આવું જ પ્રેમતત્ત્વની બાબતમાં થયું છે. મૈત્રીથી આગળ જતા હમસફરનું સ્તર આવી શકે પરંતુ જો પ્રેમની સચ્ચાઈ હશે જ નહીં તો એ સંબંધ સંકોચાઈ જશે. મોબાઈલ્સ ઉપરનાં એપ્સથી લોકોની વાસનાઓ ભભૂકી ઊઠે તેવો માહોલ ઊભો થયો છે એટલે પ્રેમનો ઉદય થવામાં લાખો વિઘ્નો છે. પ્રેમ એ વિશ્વનું ઉચ્ચતમ ઐશ્વર્ય છે જેનાથી તેમાં બિરાજે એ ઈશ્વરનું પ્રતિક છે અને પ્રેમ એ ઉપાસના છે.

શેર આસ્વાદ :
પાણી વિનાના વાદળ, લાગણી વિનાનાં માણસ,
બંને નકામા ગર્જે જાણે પણ કદી વરસે નહીં.